RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 185, Dt.19-10-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતમાં ઈસ્લામીક આંદોલન ઊભું કરવાનો પ્રયાસ

## PFIને લઈને ઈડીનાં ચોંકાવનારા ખુલાસા : રાષ્ટ્રીય સુરક્ષાને નબળી પાડવાનો હેતુ : સંગઠન પોપ્યુલર ફ્રંટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ)ના ખોફનાક ઈરાદા : અખાતના દેશોમાં ૧૩૦૦૦ સક્રિય સભ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમા પ્રતિબંધિત સંગઠન ભ્જત્ના સિંગાપોર અને ગલ્ફ દેશો કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને શ્ખ્મ્માં ૧૩,૦૦૦ થી વધુ સક્રિય સભ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જણાવ્યું હતું કે આ સભ્યોને કથિત રીતે ભંડોળ એકત્ર કરવા અને અન્ય ઘણા કાર્યો સોંપવામાં આવ્યા છે. આ સંગઠન ભારતમાં જેહાદ થકી ઈસ્લામી આંદોલન ઉભુ કરવા પ્રયાસ કરી રહેલ છે. જેમાં ક્રુરતા અને દમનની વિવિધ રીત ઉપરાંત હવાઈ હુમલા - ગેરીલા હુમલાનો સમાવેશ થાય છે.

તપાસ એજન્સીએ નોંધ્યું હતું કે PFI એ ખાડી દેશોમાં રહેતા બિન-નિવાસી મુસ્લિમ ડાયસ્પોરા માટે સારી રીતે વ્યાખ્યાયિત જિલ્લા કાર્યકારી સમિતિઓ (DECs) ની રચના કરી છે, જેને ભંડોળ એકત્ર કરવા અને અન્ય વિવિધ કાર્યો સોંપવામાં આવ્યા છે. આ સભ્યોને દર વર્ષે ડિસેમ્બર સુધીમાં ભંડોળ એકત્ર કરવા માટે કરોડો રૂપિયાનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો.

તેમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે PFI સર્કિટસ બેંકિંગ ચેનલો તેમજ અંડરગ્રાઉન્ડ હવાલા ચેનલો દ્વારા ભારતમાં ફંડ ટ્રાન્સફર કરી રહ્યું છે. જેથી મની ટ્રેઈલ શોધી શકાય નહીં. પીએફઆઈ અને તેના પદાધિકારીઓને પછી તેમના આતંકવાદી ધિરાણ અને ગેરકાયદેસર




પ્રવળત્તિઓ માટે સોંપવામાં આવી શકે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા પર મોટો ખુલાસો કર્યો છે. EDની તપાસમાં બહાર આવ્યું છે કે PFIનું વિદેશમાં મોટું નેટવર્ક છે. સિંગાપોર અને ગલ્ફ દેશોમાં PFIના ૧૩ હજારથી વધુ સક્રિય સભ્યો છે. PFIએ આ દેશોમાં નાણાં એકત્ર કરવા માટે એક સમિતિની રચના કરી હોવાનું પણ બહાર આવ્યું છે, જે નાણાં એકત્ર કરીને ભારત મોકલે છે. અહીં આ પૈસાનો ઉપયોગ આતંકવાદી અને ગેરકાયદેસર પ્રવળત્તિઓમાં થાય છે. પીએફઆઈનો વાસ્તવિક ઉદ્દેશ્ય જેહાદ દ્વારા ભારતમાં ઈસ્લામિક રાજ્યની સ્થાપના કરવાનો છે.

મની લોન્ડરિંગ કેસમાં ચાલી રહેલી તપાસમાં EDએ અત્યાર સુધીમાં ૯૪ કરોડ રૂપિયાની ગુના સંબંધિત સંપત્તિ શોધી કાઢી છે. ત્રણ વર્ષમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે PFI સાથે જોડાયેલા ૨૬ લોકોની ધરપકડ કરી છે. આ દરમિયાન EDએ પ્રતિબંધિત સંગઠન PFI પર મોટો ખુલાસો કર્યો છે. EDની તપાસમાં સામે આવ્યું છે કે PFIના ૧૩૦૦૦ સક્રિય સભ્યો હજુ પણ વિદેશમાં હાજર છે. સૂત્રોનું માનીએ તો દેશમાં PFIને મજબૂત બનાવવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI)ની ૩૫ જંગમ અને જંગમ મિલકતો જપ્ત કરી છે. આ પ્રોપર્ટીની કિંમત લગભગ ૫૭ કરોડ રૂપિયા છે. આ સંપત્તિઓમાં ઘણા ટ્રસ્ટો, કંપનીઓ અને ખાનગી મિલકતોનો પણ સમાવેશ થાય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દિલ્હી પોલીસ અને ગઈઅ દ્વારા નોંધાયેલા કેસના આધારે મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે દેશ અને વિદેશમાંથી PFIના ૨૯ ખાતાઓમાં ભંડોળ આવ્યું હતું. હવાલા અને અન્ય માધ્યમો દ્વારા ડમી કંપનીઓ પાસેથી ભંડોળ મોકલવામાં આવતું હતું.

EDએ ફેબ્રુઆરી ૨૦૨૧ થી મે ૨૦૨૪ સુધી આ કેસમાં PFI સાથે જોડાયેલા ૨૬ લોકોની ધરપકડ કરી છે. EDએ અત્યાર સુધીમાં રૂ. ૯૪ કરોડના ગુનાની કાર્યવાહી શોધી કાઢી છે. EDને તેની તપાસમાં જાણવા મળ્યું છે કે PFIનું વિદેશમાં પણ મોટું નેટવર્ક છે. સિંગાપોર અને ગલ્ફ દેશોમાં તેના ૧૩૦૦૦ થી વધુ સક્રિય સભ્યો છે.આ દેશોમાં રહેતા બિન-નિવાસી મુસ્લિમો પાસેથી નાણાં એકત્ર કરવા માટે, PFIએ ડિસ્ટ્રિક્ટ એક્ઝિક્યુટિવ કમિટી (DEC)ની રચના કરી. જેમને કરોડો રૂપિયાના ફંડિંગનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. આ નાણાંનો ઉપયોગ ભારતમાં PFIની આતંકવાદી અને ગેરકાયદેસર પ્રવળત્તિઓ માટે થાય છે. તપાસમાં જાણવા મળ્યું છે કે PFIનો વાસ્તવિક ઉદ્દેશ્ય તેના અન્ય ઉદ્દેશ્યોથી અલગ છે. PFIનો વાસ્તવિક ઉદ્દેશ્ય ભારતમાં જેહાદ દ્વારા ઈસ્લામિક રાજ્યની સ્થાપના કરવાનો છે, જ્યારે તે પોતાને એક સામાજિક ચળવળ તરીકે રજૂ કરે છે. PFIતેમની ક્રિયાઓને અહિંસક ગણાવે છે પરંતુ પ્રાપ્ત પુરાવા દર્શાવે છે કે તેમની વિરોધ પદ્ધતિઓ હિંસક છે.

# મોદીની ભરપૂર પ્રશંસા કરતા પુતિન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા સપ્તાહમાં રશીયાના પ્રવાસે જવાના છે. તે પૂર્વે રશીયન વડા વ્લાદીમીર પૂટીને મોદીની ભરપુર પ્રસંસા કરી છે. યુક્રેન યુદ્ધ મામલે તેઓએ ચિંતા દર્શાવી તે બદલ રશીયા આભારી હોવાનું પણ જાહેર કર્યું છે.

રશીયન પ્રમુખ પુતિને રશીયા-યુક્રેન વચ્ચે શાંતિ મંત્રણામાં ભારતની ભૂમિકા વિશેના સવાલના જવાબમાં મોદી સાથેની તેની વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો અને મોદીને પોતાના મિત્ર ગણાવ્યા હતા. રશીયા ભારતનું આભારી હોવાનું કહ્યુ હતું. યુદ્ધ સમાપ્ત થવા વિશે કોઈ સમય સીમા નકકી ન થઈ શકે તેવી પણ સ્પષ્ટ કર્યુ હતું.

રશીયાને યુદ્ધમાં ધકેલવા બદલ અમેરિકા તથા નાટો દેશોને દોષિત ગણાવતા પુતિને કહ્યું કે યુદ્ધમાં પોતાના દેશની જ જીત થશે.રશીયાની સેના દુનિયાની સૌથી પ્રભાવી તથા ઉચ્ચ ટેકનીક ધરાવતા સેના પૈકીની એક છે અને નાટો યુદ્ધ લડતા-લડતા થાકી જશે.

તેઓએ કહ્યું કે બ્રિકસ પશ્ચિમી દેશોનું વિરોધી નથી પરંતુ ઝડપથી થઈ રહેલા વિકાસને કારણે આવતા વર્ષોમાં વૈશ્વીક અર્થતંત્રને મુખ્ય સ્ત્રોત બનશે.બ્રિકસનો ઉદેશ કોઈની વિરૂદ્ધ નથી ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



પણ કહ્યું છે કે બ્રિકસ બીન પશ્ચિમી જુથ છે અને તે પશ્ચિમી વિરોધી નથી.

યુક્રેન યુદ્ધ વિશે પુતિને જણાવ્યું હતું કે રશીયા શાંતિનો આગ્રહ રાખે જ છે શાંતિપૂર્વક ઉકેલ આવે તો કોઈ વાંધો નથી મંત્રણાનાં દ્વાર ખુલ્લા રાખ્યા છે. યુક્રેને વાતચીત બંધ કરી છે.ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વખતે પોતાની સાથેની વાતચીતમાં આ મુદ્દો ઉઠાવે છે અને રૂસની ચિંતા કરવા બદલ રશીયા મોદીનું આભારી છે.

નરેન્દ્ર મોદી સાથેની વાતચીત વખતે દર વખતે તેઓ મુદો ઉઠાવે છે. અને પોતાના વિચારો વ્યકત કરે છે. યુદ્ધ સમાપ્તિ શાંતિના આ પ્રયાસોને રશીયા બિરદાવે છે.

# બિહારમાં સૌથી વધુ રિટેલ ફુગાવો, જયારે દિલ્હીમાં સૌથી ઓછો

## શહેરો કરતાં ગ્રામીણ વિસ્તારોમાં ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો જોવા મળ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

તાજેતરના આંકડા દર્શાવે છે કે બિહારમાં સળંગ ત્રીજા મહિને સપ્ટેમ્બરમાં સૌથી વધુ ફુગાવાનો દર નોંધાયો છે , ત્યારબાદ છત્તીસગઢનો નંબર આવે છે , જ્યારે દિલ્હીમાં સૌથી નીચો દર છે. સપ્ટેમ્બરમાં બિહારનો છૂટક ફુગાવાનો દર ૭.૫ ટકા હતો, જે એકંદર ૫.૫ ટકા કરતાં ઘણો વધારે હતો, જ્યારે છત્તીસગઢમાં ૭.૪ ટકા હતો. ઊંચા છૂટક ફુગાવાના દર સાથે ટોચનાં પાંચ રાજ્યોમાં ઉત્તર પ્રદેશ, ઓડિશા અને હરિયાણાનો સમાવેશ થાય છે, પશ્ચિમ બંગાળનો રિટેલ મોંઘવારીનો દર દિલ્હી પછી ૩.૭ ટકા હતો, ત્યારબાદ તેલંગાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડનો નંબર આવે છે. છત્તીસગઢ (લગભગ ૮ ટકા), ઉત્તર પ્રદેશ (૭.૮ ટકા) અને બિહાર (૭.૬ ટકા)માં સૌથી વધુ ગ્રામીણ ફુગાવાનો દર છે, જે ઓડિશા પછી ૭ ટકા પર છે. બિહારમાં પણ સૌથી વધુ શહેરી ફુગાવાનો દર ૭.૧ ટકા નોંધાયો છે. તાજેતરનાં ડેટા દર્શાવે છે કે ઉપભોક્તા ભાવ સૂચકાંક દ્વારા માપવામાં આવેલ છૂટક ફુગાવો, ખાદ્યપદાર્થો, ખાસ કરીને શાકભાજી, ખાદ્યતેલ અને કઠોળનાં ભાવમાં તીવ્ર ઉછાળાને પગલે સપ્ટેમ્બરમાં ૯ મહિનાની ટોચે ૫.૫ ટકા પર પહોંચી ગયો હતો. ૨૦૨૩-૨૪ માટેનાં આર્થિક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે ગ્રામીણ વપરાશમાં શહેરી (૨૯.૬ ટકા) કરતાં ખાદ્ય પદાર્થો ( ૪૭.૩ ટકા)નું વધુ ભારણ છે. તેમાં એમ પણ કહેવાયું છે કે છેલ્લાં બે વર્ષમાં ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો જોવા મળતાં રાજ્યોમાં ગ્રામીણ ફુગાવો વધુ જોવા મળ્યો છે. સર્વેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સ્ટાન્ડર્ડ ડેવિએશન દ્વારા ગણવામાં આવતી આંતરરાજ્ય વિવિધતા શહેરી ફુગાવા કરતાં ગ્રામીણમાં વધુ છે. ઉચ્ચ એકંદર ફુગાવાવાળા રાજયોમાં પણ ગ્રામીણમાં ફુગાવો શહેર કરતાં વધુ છે.તાજેતરનાં ફુગાવાના ડેટાએ



નિષ્ણાતોને ૨૦૨૫ સુધી મધ્યસ્થ બેંક દ્વારા વ્યાજ દરમાં કાપ મૂકવાની તેમની અપેક્ષાઓને પાછળ ધકેલી છે. નિષ્ણાતો કહે છે કે ખાદ્ય ફુગાવો ચિંતાજનક છે અને સ્થાનિક અને વૈશ્વિક જોખમોને કારણે તેનાં પર નજર રાખવાની જરૂર છે.

# મહારાષ્ટ્રમાં મહાયુતિમાં બેઠક વહેંચણીને મંજૂરી

## ભાજપ લગભગ ૧૫૧ બેઠકો પર, જ્યારે શિવસેના ૮૪ અને NCP ૫૩ બેઠકો પર ચૂંટણી લડે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર,મુંબઈ**

આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા, સત્તાધારી મહાયુતિ ગઠબંધન (ભારતીય જનતા પાર્ટી (ઈઉંઙ), એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના, અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી) બેઠકોની વહેંચણીને અંતિમ સ્વરૂપ આપવા માટે તૈયાર છે. ભાજપ સૌથી વધુ બેઠકો પર ચૂંટણી લડશે, ત્યારબાદ શિવસેના અને ગઈઙ. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ ૧૫૦થી ૧૫૫ સીટો પર, શિવસેના ૯૦-૯૫ સીટો પર અને એનસીપી ૪૦-૪૫ સીટો પર ચૂંટણી લડી શકે છે. તમને એ પણ જણાવી દઈએ કે સીટોની વહેંચણીને અંતિમ રૂપ આપવા માટે ગઠબંધન નેતાઓ વચ્ચે અનેક રાઉન્ડની બેઠકો થઈ છે.

સીએનએન ન્યૂઝ-૧૮એ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ગઠબંધનના ઘટક પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલા કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, મોટાભાગની બેઠકોની વહેંચણી પૂર્ણ થઈ ગઈ છે. ૨૫ બેઠકો અંગે ચર્ચા કરવા માટે વધુ બે રાઉન્ડ બેઠકો યોજાવા જઈ રહી છે.મહારાષ્ટ્રમાં ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં શિવસેના ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં એક થઈ હતી. અજિત પવાર પણ તેમના કાકા શરદ પવાર સાથે હતા. આ પાંચ વર્ષમાં મહારાષ્ટ્રમાં ઘણી મોટી રાજકીય ઉથલપાથલ જોવા મળી. ૨૦૧૯માં બહુમતી મેળવવા છતાં ભાજપ અને શિવસેનાની ગઠબંધન સરકાર બની શકી નથી. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું.નવેમ્બરમાં દેવેન્દ્ર ફડણવીસે અજિત પવાર સાથે સીએમ તરીકે શપથ લીધા હતા. અજિત પવારે ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) સાથે સરકાર બનાવવા માટે પાર્ટી છોડી દીધી અને તેમને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. જો કે, ત્રણ દિવસ પછી બંનેએ રાજીનામું આપી દીધું અને અજિત પવાર તેમના કાકા શરદ પવાર પાસે પાછા ગયા.આ પછી, ઉદ્ધવ ઠાકરેએ ૨૮ નવેમ્બરના ફ્લોર ટેસ્ટ પછી સરકાર બનાવવા માટે



એનસીપી અને કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું. ઠાકરેને જૂન ૨૦૨૨ માં બીજો ફટકો પડ્યો જ્યારે તેમની પાર્ટીના એકનાથ શિંદે ધારાસભ્યોના જૂથ સાથે એનડીએમાં જોડાયા અને રાજ્યમાં ભાજપ સાથે સરકાર બનાવી. શિંદેને સીએમ બનાવવામાં આવ્યા અને ફડણવીસ તેમના ડેપ્યુટી બન્યા. થોડા મહિનાઓ પછી, અજિત પવાર ફરી એકવાર તેમના કાકાથી અલગ થઈ ગયા અને નેતાઓના જૂથ સાથે મહાયુતિ ગઠબંધનમાં જોડાયા અને ફરીથી ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા.

# અમદાવાદમાં પોલીસ કર્મીઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવાની રહેશેઃ પોલીસ કમિશનરનો આદેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમદાવાદ પોલીસ કમિશ્નરે નાગરીકોની સુરક્ષા માટે મહત્વનો આદેશ જાહેર કર્યો છે. ત્યારે ટ્રાફીકનાં કારણે અવારનવાર થતા અકસ્માતને રોકવા જ મહત્વનું પગલુ ભર્યુ છે.

જેમાં અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી કર્મચારી અને સિવીલીયન સ્ટાફે ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે ફરજીયાત હેલ્મેટ પહેરવાનું રહેશે.

તમામ પોલીસ કર્મચારીઓએ યુનિફોર્મ અથવા સિવીલ ડ્રેસમાં ફરજ સ્થળે કે અન્યત્ર ટુ-વ્હીલર પર ફરજીયાત હેલ્મેટ પહેરવાનું ફરજીયાત રહેશે.સુપરવાઈઝરી અધિકારીઓ અને ઈન્ચાર્જો માટે પણ હેલ્મેટ ફરજીયાત કરાયું છે.

તમામ પોલીસ સ્ટેશન, શાખા



અને યુનિટનાં પ્રવેશદ્વાર પર હેલ્મેટની ચકાસણી કરાશે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે યોગ્ય કાર્યવાહી કરાશે.કાયદાનું પાલન કરાવનારે ઘરથી જ કાયદાનું પોતે અમલ કરવાનું બીડુ ઝડપ્યુ છે.

સમાજમાં એક ઉદાહરણ સ્થાપિત કરવા નિર્ણય લેવાયો છે. એનસીઆરબીના આંકડા મુજબ ૨૦૨૨ માં ગુજરાતમાં ૭૬૩૪ લોકોના રોડ અકસ્માતમાં મૃત્યુ થયા હતા. જેમાંથી ૪૯૧૭ ટકા ટુ-વ્હીલર વાહન ચાલકો હતા.

# હરણી બોટ દુર્ઘટનામાં પીડિતોને વળતર ચૂકવવા માટે તમામ માહિતી રજૂ કરવા વડોદરા કલેકટરને હાઈકોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના જાહેરહિતની રિટની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે વળતર માટે પીડિતોનું સ્ટેટ્સ અને ઈજાગ્રસ્તોની માહિતી સાથેનો રિપોર્ટ રજૂ કરવા વડોદરા કલેકટરને હુકમ કર્યો હતો. આ ઉપરાંત સુનાવણી દરમ્યાન પીડિતો તરફથી અદાલતનું આ કેસમાં ન્યુ સનરાઈઝ સ્કૂલને પણ આ દુર્ઘટના માટે જવાબદાર ઠરાવી પક્ષકાર બનાવવા માંગણી કરાઈ હતી, જેથી હાઈકોર્ટે આ મુદ્દો પણ વિચારણામાં લેવાશે તેમ જણાવ્યુ હતું. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યુ કે, પહેલાં કોટિયા પ્રોજેક્ટસના ખિસ્સામાથી પીડિતોને વળતરનો મુદ્દો નિર્ણિત થઈ જવા દો, એ પછી તમારી એ અરજી પણ ધ્યાને લઈશું. હાઈકોર્ટે કેસની સુનાવણી તા.૨૫મી ઓકટોબરે રાખી હતી. કેસની વિગતો મુજબ ગત તા. ૧૮ જાન્યુઆરીએ વડોદરાની ન્યૂ સનરાઈઝ સ્કૂલ દ્વારા આયોજિત પિકનિક દરમિયાન હરણી તળાવમાં બોટ પલટી જવાથી ૧૨ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોના મોત અંગેની સુઓ મોટુ અરજીની સુનાવણી કરી હતી. વડોદરા મહાનગરપાલિકા દ્વારા કોટિયા પ્રોજેક્ટ્સને સોંપવામાં આવ્યા હતા. ઈઈ એ આ કેસમાં કંપની અને શાળા બંનેને પ્રતિવાદી બનાવ્યા હતા. પીડિતોએ આ દુર્ઘટના માટે કંપની અને શાળા પાસેથી અનુકરણીય વળતરની માંગ કરી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (ટખઈ) એ લેકફ્રન્ટ પ્રોજેક્ટની જાળવણી અને સંચાલન માટે એક પેઢી કોટિયા પ્રોજેક્ટ્સને કોન્ટ્રાક્ટ આપ્યો હતો, જેના ભાગીદારોની બાદમાં આ દુર્ઘટના માટે ધરપકડ કરવામાં આવી હતી. આથી




અદાલતે કંપનીના જવાબદાર ડિરેક્ટરને હાજર રહેવા માટે નોટિસ પાઠવી હતી. આજરોજ શુક્રવારે થયેલી સુનાવણી દરમિયાન કોટિયા પ્રોજેકટના એક નિવૃત્ત ડિરેકટર વિનીત કોટિયા તરફથી તેના વકીલે હાજર થઈને બચાવ કરવાનો પ્રયાસ કર્યો કે, તેઓ તો આ બનાવ બન્યો તેના પહેલાના નિવૃત્ત થઈ ગયા છે અને તેમની આ બનાવને લઈ કોઈ જવાબદારી બનતી નથી. જો કે, ચીફ જસ્ટિસે વકીલનો ઉધડો લીધો હતો અને યોગ્ય વકીલાતનામા સિવાય તમને હાજર રહેવાની પરવાનગી આપી શકાય નહિ. હાઈકોર્ટે આ કેસમાં મેસર્સ કોટિયા પ્રોજેક્ટ્સને પક્ષકાર બનાવી છે અને તેને દોઢ મહિના પહેલા નોટિસ જારી કરી છે પરંતુ હજુ સુધી તેમના તરફથી કોઈ હાજર થયુ નથી. અદાલતે માત્ર પીડિતોને કસૂરવાર કોટિયા પ્રોજેક્ટ્સના ખિસ્સામાંથી તેઓને વળતર ચૂકવવાનો મામલો હાલ નિર્ણિત કરવાનો છે.

# નારાયણ સાંઈને તેના પિતા આસારામને ચાર કલાક મળવા માટે ગુજરાત હાઈકોર્ટે આપી મંજુરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દુષ્કર્મ કેસમાં આજીવન કારાવાસની સજા સુરતની જેલમાં ભોગવી રહેલા નારાયણ સાંઈને તેના પિતા આસારામને મળવા માટે ગુજરાત હાઈકોર્ટે ફક્ત ચાર કલાક માટે શરતી જામીન આપ્યા છે. આખરે ૧૧ વર્ષ બાદ સાઈ તેના બીમાર પિતા આસારામ ને જોધપુરની જેલમાં મળી શકશે. નારાયણ સાંઈની અરજી ઉપર ચુકાદો આપતા જસ્ટિસ ઈલેશ વોરા અને જસ્ટિસ એસ.વી.પિન્ટોની ખંડપીઠે જ નારાયણ સાંઈ પર આકરા નિયંત્રણો લાદયા છે. અરજદાર સાથે એક એસીપી, એક પીઆઈ, બે હેડ કોન્સ્ટેબલ અને બે કોન્સ્ટેબલનો એસ્કોર્ટ રહેશે. કોર્ટના આદેશ મુજબ નારાયણ સાંઈએ પિતા સાથેની આ મુલાકાતના ખર્ચ પેટે રૂ. પાંચ લાખ સરકારી તિજોરીમાં જમા કરાવવા પડશે. આ સમગ્ર મુલાકાત દરમ્યાન જોધપુર જેલ ઓથોરીટીએ નારાયણ સાંઈ સિવાય અન્ય કોઈને પણ એટલે કે, તેની માતા, બહેન કે અન્ય કોઈપણ વ્યકિતને આસારામને મળવા દેવાની છૂટ આપવાની રહેશે નહી. હાઈકોર્ટ દ્વારા લાદવામાં આવેલી શરતોમાં વધુમાં જણાવ્યું કે, આ રકમ જમા થયા બાદ સંબંધિત સત્તાવાળાઓએ સાત દિવસમાં આસારામને મળવા જવાની બધી વ્યવસ્થા કરવાની રહેશે. નારાયણ સાઁઈને સુરતની લાજપોર જેલમાંથી સીધો જ ફલાઈટ મારફતે રાજસ્થાનની જેલમાં લઈ જવામાં આવે અને જ્યાં તે તેના પિતા આસારામને માત્ર ચાર કલાક માટે જ મળી શકશે. નારાયણ સાંઈ અને આસારામની મુલાકાત દરમ્યાન અન્ય



કોઈ ત્રીજી વ્યકિત ત્યાં હાજર રહી શકશે નહી. નારાયણ સાંઈની તેના પિતા સાથેની ચાર કલાકની મુલાકાત પૂર્ણ થાય એટલે તેને સીધો જ તરત જ ફલાઈટ મારફતે સુરતની લાજપોર જેલમાં શકય એટલો વહેલી તકે લાવી દેવાનો રહેશે. મુલાકાતનો દિવસ અને સમયની બાબત સત્તાવાળાઓ નક્કી કરી શકશે. નારાયણ સાંઈને જોધપુર જેલમાં તેના પિતાને મળાવી દીધા બાદ સુરત લાજપોરમાં પરત લાવ્યા પછી સમગ્ર રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવાનો રહેશે. રજિસ્ટ્રીએ આ હુકમ અંગે ફેક્સ અથવા ઈમેલ મારફતે જેલ ઓથોરીટીને જાણ કરવાની રહેશે.

# શહેરી ફેરિયાઓ, લારી ગલ્લા, પાથરણા વાળાને શાસ્ત્રી મેદાન ધંધો કરવા જગ્યા આપોઃ કોંગ્રેસે આપ્યું આવેદન

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરના લાખાજી રોડ, ધર્મેન્દ્ર રોડ, ગુંદાવાડી, પરાબજાર સહિતના વિસ્તારોમાં દર વર્ષે દિવાળી અને અન્ય તહેવારોમાં ટ્રાફિક સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરે છે અને તંત્ર, વેપારીઓ, શહેરી ફેરીયાઓ, લારીગલ્લા અને પાથરણાંઓ વાળા વચ્ચે માથાકૂટ થતી જ રહે છે. પોલીસ તંત્ર અને રાજકોટના મહાનગરપાલિકાના તંત્રના હપ્તાનું દુષણ અને આંખમિચામણાના પગલે ટ્રાફિક સમસ્યા ઉપરોક્ત વિસ્તારોમાં શીરદર્દ બની છે. જેનો કાયમી ઉકેલ લાવવાની તંત્ર પાસે ફૂરસદ નથી વખતો વખત મારામારી પોલીસ કેસો અને તંત્રની તાનાશાહી સામે આવી છે. કહેવાતા સ્માર્ટ સિટીમાં પાર્કિંગની સુવિધા અપૂરતી છે અને મલ્ટીલેવલ પાર્કિંગની એક ઈંટ હજુ મુકાઈ નથી રાજકોટ મહાનગરપાલિકા શહેરીજનો પાસે વર્ષે ૧૫૦ કરોડના વેરા વસૂલ કરવામાં આવે છે અને રાજકોટ શહેરનું પોલીસ તંત્ર શહેરીજનોના વાહનો ટોઈંગ કરી દર વર્ષે ૩ કરોડ દંડનીય કાર્યવાહી કરે છે. રાજકોટ શહેર પોલીસ અને રાજકોટ મહાનગરપાલિકા ના સંકલનને અભાવે શહેરી ફેરિયાઓ, લારીગલા પાથરણા વાળા, વેપારીઓ અને તંત્ર વાહકો વચ્ચે ઘર્ષણોની ઘટનાઓ બનતી રહી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલમાં શહેરી ફેરીયાઓ માટે એક બાજુ લોન આપે છે બીજી બાજુ તંત્ર વાહકો દ્વારા ધંધો કરવા દેવામાં આવતો નથી. હાલ દિવાળી સુધી લાખાજીરાજ સ્કૂલમાં જગ્યા



આપવામાં આવી છે પરંતુ કાયમી નિરાકરણ માટે શહેરના શાસ્ત્રી મેદાનમાં અમુક હિસ્સામાં શહેરી ફેરિયાઓને લારીગલા પાથરણાં વાળાને પોતાની રોજી રોટી માટે ધંધો કરવા માટેની છૂટ આપવી જોઈએ અથવા શાસ્ત્રી મેદાનની ફરતે કાયદેસરની છૂટ મળવી જોઈએ જે અંગે ટોકન દરે ચાર્જ વસુલી શાસ્ત્રી મેદાન ની જગ્યા ફાળવવા યોગ્ય કરવા આજે શહેર કોંગ્રેસ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું

# મનપા દ્વારા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૦૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૭ આસામીઓ પાસેથી ૨.૨૮૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૬ આસામીઓ પાસેથી ૦.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૩૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૧.૨૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સપેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# સામા કાંઠે શક્તિ સોસાયટીમાં પેઢીના કર્મચારી સહિત સાત શખ્સો રૂપિયા ૧.૧૨ કરોડની ચાંદી ઓળવી ગયા

## આવકાર સિલ્વર નામની પેઢીના સંચાલકે થોરાળા પોલીસમાં સાત શખ્સો વિરૂધ્ધ નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે શકિત સોસાયટીમાં આવકાર સિલ્વર નામની પેઢી ના કર્મચારી એ અન્ય સાત શખ્સો સાથે મળી રૂપિયા ૧.૧૨ કરોડની ચાંદી ઓડવી જતા થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પીઆઈ એનજી વાઘેલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરના સામા કાંઠે સરદાર સ્કૂલની બાજુમાં શક્તિ સોસાયટી શેરી નંબર ૯ માં રહેતા અલ્પેશભાઈ ઉર્ફે બાબા લાલ ગંગાદાસ ડોડીયા નામના વેપારીએ થોરાળા



પોલીસમાં તેની શક્તિ સોસાયટીમાં આવેલ આવકાર સિલ્વર નામની પેઢીમાં પગારદાર તરીકે કામ કરતા દેવાંગ દિલીપ ગોદડકા તથા સોનિયો બિલ્ડર તથા સતીશ જયસુખ ડોડીયા અને સાહિલ રાજેશ પરમાર તથા કિશન દિનેશ પરમાર અને હાર્દિક ડોડીયા તથા યોગેશ સહિત સાત શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે તેની માલિકીની આવકાર સિલ્વર નામની પેઢીમાં દેવાંગ દિલીપ ચાંદીકામની મજૂરી કામ પગારદાર તરીકે કરતો હોય ૨૦૨૩ થી એક વર્ષ સુધીમાં આ શકશે ૩૨૦ કિલો ફાઈન ચાંદી ના દાગીના બનાવવા લઈ ગયા બાદ ઉચાપત કરી હોય ત્યારબાદ ઉપરોક્ત સાથે શકશો એ મળી આ ઉચાપત કરી રૂપિયા ૧.૧૨ કરોડ ની ચાંદી પરત નહીં આપી છેતરપિંડી કરતા થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે પીઆઈ જીએન વાઘેલાએ આ સાથે સૂક્ષ્મ વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# લીંબાણી પરિવાર દ્વારા આગામી તારીખ ૯ના નવચંડી હોમાત્મક યજ્ઞ સાથે પરિવાર મિલનનું આયોજન



સમસ્ત લીંબાણી પરિવાર દ્વારા અગાઉની તારીખ ૯નવેમ્બરને શનિવારના રોજ લીંબાણી કુટુંબના માતાજીના મઢ, ભુતનાથ શેરી, ભેસાણ જિલ્લો જુનાગઢ ખાતે નવચંડી હોમાત્મક યજ્ઞ અને પરિવાર મિલનનું આયોજન કરાયું છે જેમાં હાજર રહેવા સમસ્ત લીંબાણી પરિવારને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે તારીખ ૯ ના યોજનાર આ કાર્યક્રમમાં સવારે હેમાદ્રી,ગણપતિ પૂજન, કુળદેવી પૂજન બપોરે મહાપ્રસાદ અને બપોરે ૨:૩૦ કલાકે બીડુ હોમાશે. મનસુખભાઇ ભગવાનભાઇ લીંબાણી (જાંબુડા) હાલ:અમદાવાદ વાળા તરફ થી બપોરની પ્રસાદી(ભોજન સમારંભ) ખર્ચ આપેલ છે. ડો.હર્ષદભાઇ કિશોરભાઇ લીંબાણી-જૂનાગઢવાળા તથા સાગરભાઇ પ્રફુલભાઇ લીંબાણી-ભાવનગર નિખીલભાઇ મનસુખભાઇ લીંબાણી-ઇશ્વરીયા તરફ થી તા.૮-૧૧-૨૦૨૪ના સાંજના ભોજન તથા ચા-પાણી ખર્ચ આપેલ છે. મુકેશભાઇ રણછોડભાઇ લીંબાણી તથા અશ્વીનભાઇ વલ્લભભાઇ લીંબાણી-રાજકોટવાળા તરફ આઇસ્ક્રીમનો ખર્ચ આપેલ છે. તા.૮-૧૧-૨૦૨૪ના શુક્રવાર રાત્રે આવતા હવનમાં બેસવા માટે નામની ચિઠ્ઠી નાખવામાં આવશે. જે ચાર નામ નિકળશે તે આવતા વર્ષ સને.૨૦૨૫ હવન માં બેસવાનું રહેશે. રૂ.૨૫૦૦/- આપવાના રહેશે.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૭ થી ૩૧ ઓક્ટોબર, દરમ્યાન રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનું રેસકોર્ષ ખાતે ભવ્ય આયોજન

## રેસકોર્ષ રિંગ રોડ ખાતે રંગોળી સ્પર્ધા અંતર્ગત સ્પર્ધકો રંગોળી તૈયાર કરશેઃ સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલ રંગોળી તા.૩૦ અને તા.૩૧ના રોજ સાંજે શહેરીજનો નિહાળી શકશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયાઅને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ એક સંયુકત યાદીમાં જણાવેલ છે કે, રંગીલુ રાજકોટ શહેર તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ એટલું જ વિખ્યાત છે. જુદાજુદા પ્રસંગોએ યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોએ રાજકોટ શહેરને ખાસ ઓળખ પ્રદાન કરી છે. એમાં પણ જ્યારે દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. વધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વર્ષોની માફક આ વર્ષે પણ તા.૨૭ થી તા.૩૧દરમ્યાન રેસકોર્સ રિંગ રોડ ખાતે રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવનું ભવ્યઆયોજન કરવામાં આવેલ છે.જેમાં, એન્ટ્રી ગેઈટ, આકર્ષક થીમ બેઈઝ લાઈટીંગ ડેકોરેશન, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા,લેસર શોસહિતના વિશેષ આકર્ષણોનો ઉમેરો કરવામાં આવશે.

રંગીલું રાજકોટ દરેક ઉત્સવ અને અન્ય અવસરની ઉત્સાહપૂર્વક ઉજવણી માટે ખુબ જ જાણીતું છે. મકરસંક્રાંતિ, ધુળેટી, જન્માષ્ટમી, ગણપતિ ઉત્સવ, નવરાત્રિકે પછી દિવાળી જેવા આપણા મહાપર્વ હોય કે પછી સામાજિક કે સાંસ્કૃતિક પ્રસંગ હોય, રાજકોટવાસીઓનો તહેવારોની ઉજવણી પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ ખરેખર નોંધપાત્ર બની રહે છે. આ જ કારણ રાજકોટને રંગીલું અને અન્ય શહેરો કરતા અલગ બનાવે છે.

આ રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત આયોજીત વિવિધ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજકોટ







મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા દિનેશભાઈ પટેલ,રશ્મિ ગોટેચા તથા મૌલિક ગોટેચા વગેરે ઉપસ્થિત રહેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવાળીના તહેવારો અનુસંધાને યોજવામાં આવેલ રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવના આ તમામ કાર્યક્રમોમાં ઉત્સાહભેર જોડાવા રાજકોટના મેયર શ નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળારંગી લારાજકોટવાસીઓને નિમંત્રણ પાઠવ્યું છે

# રાજકોટમાં આંખનાં ઓપરેશન માટે આવેલા દર્દીઓને ભાજપે સભ્ય બનાવી દીધા

## રાજકોટની ચેરિટેબલ હોસ્પિટલમાં મોતિયો ઉતરાવવા ગયેલા લોકો સાથે બનેલી ઘટનાઃ મધરાતે દર્દીઓને ઊંઘમાંથી જગાડી OTP મેળવી સભ્યપદ આપી દેવાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભાજપનું સદસ્યતા અભિયાન જ્યારથી શરૂ થયું છે ત્યારથી સતત વિવાદોમાં રહ્યું છે. એક પછી એક વિવાદો સામે આવી રહ્યા છે. આ પહેલાં વિદ્યાર્થીઓને સભ્ય બનાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ હવે રાજકોટમાં દર્દીઓને સભ્ય બનાવવમાં આવતા હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો એક દર્દીએ ઉતારી લીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટમાં રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલમાં દર્દીઓને ભાજપના સભ્ય બનાવવામાં આવ્યા હોવાનો મોટો પર્દાફાશ થયો છે. આ સમગ્ર ઘટના એક કમલેશ ઠુમ્મર નામના દર્દીએ પોતાના કેમેરામાં કેદ કરી લીધી હતી. વાત જાણે એમ છે કે જૂનાગઢમાં ખલીલપુર રોડ પર રહેતા કમેશભાઈ ઠુમ્મર મોતિયો ઉતરાવવા માટે રાજકોટ ખાતે આવેલી રણછોડદાસ બાપુ ચેરિટેબલ હોસ્પિટલમાં ગયા હતા. જ્યાં તેમને હોસ્પિટલના જનરલ વોર્ડમાં એડમિટ કરવામાં આવ્યા હતા. આ વોર્ડમાં ૩૦૦થી વધુ દર્દીઓ હતા. આ દરમિયાન રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ એક યુવક આવીને બધાને વારાફરતી ઉઠાડીને મોબાઈલ નંબર માંગવા લાગ્યો હતો. મને લાગ્યું કે આ કોઈ હોસ્પિટલનો સ્ટાફ હશે. પરંતુ થોડીવાર પછી મારા નંબર પર ભાજપના સભ્ય બનાવવામાં આવ્યા હોવાનો મેસેજ આવતાં મને ખબર પડી. આ દરમિયાન આ યુવક બીજા દર્દીને ઉઠાડીને નંબર પૂછી રહ્યો હતો ત્યારે મેં ચૂપચાપ છાનામાન ખબર ન પડે એ રીતે વીડિયો બનાવી લીધો હતો. આ યુવકે એક પછી એક ૨૦૦થી વધુ દર્દીઓને ભાજપના સભ્ય બનાવ્યા હતા.

આ વખતે સત્તા પર હોવા છતાય સભ્ય નોંધતા ભાજપને આંખે પાણી આવ્યું છે. મોટા ઉપાડે બે કરોડનો ટાર્ગેટ અપાયો છે પણ આ સદસ્યતા અભિયાને ભાજપની લોકપ્રિયતા કેટલી છે તેની વાસ્તવિકતા છતી કરી દીધી છે. સભ્ય નોંધણીને મોળો પ્રતિસાદ મળ્યો છે. . ખુદ ભાજપમાં જ ગણગણાટ છે કે, ભાજપને ભરતી મેળો પણ નડ્યો છે કેમકે, સંનિષ્ઠ અને પાયાના કાર્યકરો હાંસિયામાં ધકેલાયા છે. પક્ષપલટુઓએ સરકાર અને કમલમમાં અડિંગો જમાવ્યો છે. અસંતોષ-જૂથવાદની આગે ભાજપને ભરડામાં લીધો છે.

સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાની અણીન્દ્રા શાળાના વિદ્યાર્થીઓને ભાજપના સભ્યો બનાવી દેવામાં આવ્યા હતા. વઢવાણના અણીન્દ્રામાં આવેલી એમ. આર. ગાર્ડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના



વિદ્યાર્થીઓને ભાજપના સદસ્યતા અભિયાનમાં મોબાઈલ લાવીને સદસ્ય બનાવ્યા હોવાનો આક્ષેપ થયા હતા. જેને લઈને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ શાળાને નોટિસ ફટકારીને દોષિતો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. ભારતીય જનતા પાર્ટીનું સદસ્યતા અભિયાન ચાલી રહ્યુ છે. ત્યારે આ સદસ્યતા અભિયાનમાં મહેસાણા જિલ્લા ઊંઝાના કોંગ્રેસના પૂર્વ મહામંત્રી નટુજી ઠાકોરને ખોટી રીતે ભાજપના સભ્ય બનાવી દેવામાં આવતા આવ્યા હતા. જેનો તેમના મોબાઈલ ફોનમાં મેસેજ આવતાં ખુલાસો કરી જાહેર કર્યુ હતું. ઊંઝાના પ્રદેશ ભાજપ પ્રમુખને આ મુદ્દે લેખિત રજૂઆત પણ કરી હતી.

# ઈમીટેશનના વેપારીએ રૂા.૧૧ લાખના ૨૦ લાખ ચુકવ્યા છતા વધુ નાણા પડાવવા વ્યાજખોરોએ ધમકી આપી

## મંદીના કારણે ધંધો નહિ ચાલતા યુવાન વ્યાજના વિષચકમાં ફસાયો, વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો'તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૮૦ ફુટ રોડ પર આવેલ ઓમ રેસીડેન્સીમાં રહેતા અને ઈમીટેશનનો ધંધો કરતા દક્ષેશભાઈ જેન્તીભાઈ શનિશ્વરાએ થોરાળા પોલીસમાં મહેશ વિરમભાઈ મુંધવા અને જયલાનું નામ આપ્યું હતું .જેમાં તેઓના ભાઈએ ધંધો સરખો ચાલતો ન હોવાથી મહેશ મુંધવા પાસેથી પહેલા ૭ લાખ માસીક ૧૦ ટકા લેખે તેમજ બીજીવાર ૪ લાખ ૧૫ ટકા લેખે લીધેલ હતા. અને ધંધામાં મંદી આવતા તેઓના ભાઈ સમયસર વ્યાજ ભરી ન શકતા હોવાથી આરોપીએ ગાળો આપી મુદલ અને વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી આપ્યાની ફરીયાદ નોંધાવી છે.

તેઓ તેના ભાઈ સાથે દુકાને હતા.ત્યારે આરોપી મહેશે ફોન કરી કહ્યું કે કયાં છો તું જયાં છો ત્યાજ રહેજે બાદમાં આરોપી તેના મિત્રને લઈ દુકાને આવ્યો અને તેઓના ભાઈને ગાળો આપી રૂપિયા માટે ઉઘરાણી કરી હતી. જો તમે બન્ને ભાઈઓ રૂપિયા નહી આપો તો તમને ધોદા મારી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ તેમજ આરોપી સાથે આવેલ તેના મિત્રએ કહ્યું કે શું કામ તમે રૂપિયા આપતા નથી તમારે રૂપિયા આપવા જ પડશે તેમ કહી જોર જોર થી બુમો પાડતા આસપાસ લોકો એકઠા થઈ ગયા હતા. અને રૂપિયા આપવા પડશે કાલ સવારે ૧૧ વાગ્યે આવું છું કહી બન્ને જતા રહ્યા હતા. આ બનાવ અંગેનું કારણ તેઓના ભાઈએ મહેશ મુંધવા પાસેથી ધંધો ચાલતો ન હોવાથી પાંચ વર્ષ પુર્વે વ્યાજે રૂ.૧૧ લાખ લીધા હતા. અને તેના બદલામાં રૂ.૨૦.૮૦ લાખ ચુકવ્યા છતાં આરોપીએ ઉઘરાણી કરી ધમકી આપતા હોવાથી તેઓના



ભાઈએ ફિનાઈલ પીધું હતું. અને બાદમાં રકમ ચુકવી ન શકતા ઘર છોડી જતા રહ્યા હતા. આમ વ્યાજખોરના બાકીના પૈસા સગવડ મુજબ ચુકવી આપશું તેમ કહેલ છતાં ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપતા હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વ્યાજખોરની શોધખોળ હાથ ધરી છે.

# સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શાલીગ્રામ એપાર્ટમેન્ટમાં કારખાનેદારના ફ્લેટમાંથી રૂપિયા ૧૪ લાખની ચોરી

## દિવાળી પહેલા સાફ-સફાઈ કરવા આવેલા શખ્સોએ હાથ ફેરો કર્યોઃ તાલુકા પોલીસે તમામ શખ્સોને સકંજામાં લઈ તપાસ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

દિવાળીના તહેવારો પૂર્વે તસ્કરો મેદાને ઉતરીયા હોય અને પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ શહેરની ભાગોળે સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલ સેલિગ્રામ એપાર્ટમેન્ટમાં સાફ-સફાઈ કરવા આવેલા શખ્સો કારખાનેદાર ના ફ્લેટમાંથી રૂપિયા ૧૪ લાખની રોકડની ચોરી કરી ગયા ની ઘટના પ્રકાશમાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગેની પોલીસ માંથી મળતી પ્રાથમિક માહિતી મુજબ નાના મુવા મેઈન રોડ પર આવેલા સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શાલીગ્રામ એપાર્ટમેન્ટ માં રહેતા અને કારખાનું ચલાવતા હરસુખભાઈ પટેલ ના ફ્લેટ માં દિવાળી પૂર્વે સાફ-સફાઈ કરવાની હોય જેથી અન્ય લોકોને સાફ-સફાઈ માટે બોલાવ્યા હતા તે દરમિયાન કારખાનેદાર ના ફ્લેટમાં કબાટમાં રાખેલ રૂપિયા ૧૪ લાખની રોકડ ગુમ થઈ ગઈ હતી ઘટનાના પગલે તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પી.આઈ ડીએમ હરીપરા સહિતનો પોલીસ કાફલો ઘટના દોડી ગયા હતા પોલીસે પ્રાથમિક તપાસ કરી હતી બનાવો અંગેની જાણ ઉચ્ચ અધિકારીને કરવામાં આવતા ક્રાઈમ બ્રાન્ચ ગુના નિવારણ શાખા સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા પોલીસે ડોગસકોર્ડ અને ફિંગર



પ્રિન્ટ નિષ્ણાતો ની મદદ લઈ તસ્કરો ને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી તે દરમિયાન તાલુકા પોલીસે દિવાળી પૂર્વે ફ્લેટમાં સફાઈ કામ કરવા આવેલા શખ્સોને શકન જા મા લઈ વધુ તપાસ કરી છે.

# સદર બજારમાં ૭ માસથી ફટાકડાના લાઈસન્સ વગર 30થી વધુ વેપારીઓ કરી રહ્યા છે કારોબાર

## ફટાકડાના કાયમી લાઈસન્સ રદ કરવા દિવાળી ટાંકણે વેપારીઓને પોલીસે નોટિસ મોકલી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળીના તહેવારો આડે હવે માત્ર ૧૦ દિવસ જેટલો સમય બાકી છે ત્યારે પોલીસ તંત્રએ સદર બજારના ૩૦થી વધુ વેપારીઓને લાયસન્સ રદ કરવા નોટિસ આપતા ખળભળાટ મચી ગયો છે. બીજી બાજુ એવી હકીકત પ્રકાશમાં આવી છે કે, સદર બજારના ફટાકડાના વેપારીઓના લાયસન્સની મુદત માર્ચ માસમાં જ પુરી થઈ જાય છે ત્યારે તેઓ છેલ્લા સાત માસથી લાયસન્સ વગર જ કરોડો રૂપિયાનો કારોબાર ચલાવી રહ્યા છે. ટીઆરપી અગ્નિકાંડ બાદ પોલીસે લાયસન્સના નિયમો આકરા કરતા કોકડું ગુંચવાયાની હકીકત પ્રકાશમાં આવી છે.

સદર બજારમાં દર વર્ષે ફેબ્રુઆરીથી માર્ચ દરમિયાન લાયસન્સ ઈસ્યૂ કરવાની પ્રક્રિયા હાથ ધરાતી હોય છે. પરંતુ આ વર્ષે ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોત અંગેની દુર્ઘટના બાદ તંત્ર દ્વારા કડક નિયમોનું પાલન કરવા તેમજ કોઈ પ્રકારની બાંધછોડ કરવા માગતા ન હોય વેપારીઓને લાઈસન્સ રિન્યુ કરવાનું કોકડું ગુંચવાયું છે.

સદર બજારના ૩૦થી વધુ વેપારીઓને ફટાકડાના કાયમી લાઈસન્સ રદ કરવા માટે પોલીસ દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે. જે અંગે ડીસીપી જગદીશ



બગરવાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, સદર બજારના વેપારીઓએ કાયમી ફટાકડાના લાઈસન્સ અંગે ડોક્યુમેન્ટ સાત દિવસમાં રજૂ કરવા માટે મુદત આપી હતી. જો પૂરતા ડોકયુમેન્ટ જે વેપારીઓ નહીં આપે તેના લાઈસન્સ રદ કરવામાં આવશે.

ફટાકડાના કાયમી લાઈસન્સ માટે પોલીસ વિભાગ દ્વારા ફાયર વિભાગની એન.ઓ.સી., ઈલેક્ટ્રિક યોગ્યતા અંગે અધિકૃત વાયરમેનનું પ્રમાણપત્ર, ગુમાસ્તાધારા હેઠળનું પ્રમાણપત્ર તથા ફટાકડાના જથ્થાની વિગતોની માહિતી માગવામાં આવી છે. જે મોટાભાગના વેપારીઓ રજૂ ન કરી શકતા લાયસન્સ ઈસ્યૂ થયા નથી. વેપારીઓએ એવી રજૂઆત કરી હતી ગુમાસ્તાધારાનું લાયસન્સ નીકળવાનું ૨૦૧૮થી બંધ થઈ ગયું છે ત્યારે તે ક્યાંથી લાવવું?

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં માસૂમ બાળકીનું મોત, તબીબી બેદરકારીનો આક્ષેપ

## ડેન્ગ્યુ થયા બાદ રિપોર્ટ નોર્મલ આવ્યો, તબીબે લખી આપેલા ચાર ઈન્જેકશન નર્સે એક સાથે આપી દેતા બાળકની તબિયત લથડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની બાબરીયા કોલોની પાસે રાધેકૃષ્ણ સોસાયટીમાં રહેતા મુળ યુપીના ભંગારના ધંધાર્થી યુવાનના ૮ મહિનાના બાળકને બિમારી સબબ ખાનગી હોસ્પિટલમાં દેખાડવા લઈ જવાયા બાદ રિપોર્ટ થતાં ડેંન્ગ્યુ આવતાં તેને દાખલ કરાયેલ હતું. બાદમાં રિપોર્ટ નોર્મલ આવતાં હોસ્પિટલમાંથી રજા આપવાની હોઈ એ પહેલા ડોક્ટરે લખેલા ચાર ઈન્જેક્શન નર્સ દ્વારા એક જ સાથે આપી દેવામાં આવતાં બાળક ઉંઘમાં જતું રહ્યું હોઈ તેવી હાલત થઈ ગઈ હતી.ત્યારબાદ રજા લઈ ઘરે લઈ જવાયા બાદ ફરી બાળકની હાલત બગડતા ફરી હોસ્પિટલે લઈ જવાયેલ. પરંતુ તેનું મૃત્યુ થયું હતું. બેદરકારીથી મૃત્યુનો પરિવારજનોએ આક્ષેપ કરતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ,રાધેકૃષ્ણ સોસાયટીમાં રહેતાં આફતાબ અલ્તાફભાઈ અંસારી (ઉ.૮ માસ)ની તબિયત બગડતાં તેને મોહીત બેબી કેર હોસ્પિટલમાં દાખલ કરાયું હતું. પરંતુ રાતે મૃત્યુ થતાં હોસ્પિટલ મારફત ભક્તિનગર પોલીસને જાણ કરવામાં આવતાં હેડકોન્સ.કે.જી.ઝાલાએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.



મૃત્યુ પામનાર બાળક એક બહેનથી નાનુ હતું.પિતા અલ્તાફ અંસારી ભંગારનો ધંધો કહે છે તેણે કહ્યું હતું કે,દિકરાને ૧૫મીએ તાવ જેવુ થતાં દવા લીધી હતી.પછી આંચકી જેવું આવતા મોહિત બેબી કેરમાં દેખાડવા લઈ ગયા હતાં.ત્યાં રિપોર્ટ થતાં ડેંગ્યુ આવ્યો હતો.જેથી ડોક્ટરે દાખલ કરવાનું કહેતા અમે દિકરાને દાખલ કર્યો હતો.૧૭મીએ ફરી રિપોર્ટ થતાં ડેંગ્યુ નેગેટીવ થઈ જતાં ડોક્ટરે રજા આપવાની વાત કરી હતી.એ પછી ગઈકાલે રજા આપતી વખતે દવા ઈન્જેકશન લખી દેવાયા હતા.બાદમાં હું ચાર ઈન્જેક્શન લઈ આવ્યો હતો.જે નર્સ દ્વારા અમારા દિકરાને એક સાથે એક પછી એક થોડી મિનિટોના ગાળામાં ચારેય આપી દેવાયા હતાં.તે વખતે મારા પત્નિ તબ્બસુમબાનુએ એક સાથે ચાર ઈન્જેક્શન આપવાના છે કે કેમ? તે અંગે નર્સને પુછતાં કોઈ જવાબ આપ્યો નહોતો.

ત્યારબાદ બાળક ઉંઘમાં જતું રહ્યું હોય તેવી હાલત થઈ ગઈ હતી અને અમને રજા અપાતાં અમે ઘરે ગયા હતા.સાંજે ફરીથી બાળકની તબિયત બગડી હતી અને ફરી હોસ્પિટલમાં લઈ ગયા હતાં.પણ આ વખતે મારા દિકરાને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતા.આ ઘટનામાં બાળકની સારવારમાં બેદરકારી દાખવાઈ હોવાનું લાગતાં અમે બાળકના મરણનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમની માંગણી કરી છે.તેમ વધુમાં અલ્તાફભાઈએ કહ્યું હતુ.આ અંગે માલવીયાનગર પોલીસ મથકના સ્ટાફે વધુ તપાસ કરાઈ છે.

# રાજકોટમાં ફાયર NOC માટે રૂા.30 હજારની લાંચ લેતા શખ્સને ઝડપી લેતી ACB

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં એક ચોંકાવનારી ઘટનામાં એન્ટી કરપ્શન બ્યુરોએ ફાયર એનઓસી માટે લાંચ માંગતા એક વ્યક્તિને રંગેહાથ ઝડપી પાડ્યો છે. ફરિયાદીએ પ્રોપર્ટી એક્સપો માટે ટેમ્પરરી ડોમનું નિર્માણ કરવા માટે ફાયર એનઓસી મેળવવાની હતી. આ દરમિયાન આરોપી કૌશિક પીપરોતર, જે સ્પેસીફીક ફાયર પ્રોટેક્શન લિમિટેડમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરે છે, તેણે ફરિયાદીનો સંપર્ક કરી કાયદેસર ફી ઉપરાંત રૂ. ૩૦,૦૦૦ની લાંચ માંગી હતી. ફરિયાદીએ આ બાબતની જાણ એસીબીને કરતાં એસીબીએ લાંચનું છટકું ગોઠવી આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ ઘટના રાજકોટના મોમાઈ ચા સેન્ટર, નાણાવટી ચોક ખાતે બની હતી. એસીબીએ આરોપીને ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડતમાં એક નવો વળાંક લીધો છે અને લોકોમાં એસીબી પ્રત્યે વિશ્વાસ વધાર્યો છે.

પ્રોપર્ટી એક્સપો ૨૦૨૪ માટે ટેમ્પરરી ડોમનું નિર્માણ કરવા માટે ફાયર એનઓસી મેળવવા માંગતા એક જાગૃત નાગરિકે આ બાબતે એસીબીનો સંપર્ક કર્યો હતો.ફરિયાદીની ફરિયાદ મુજબ, સ્પેસીફીક ફાયર પ્રોટેક્શન લિમિટેડના સેલ્સ એક્ઝિક્યુટિવ કૌશિક પીપરોતરે ફાયર એનઓસી મંજૂર કરાવવા માટે કાયદેસરની ફી ઉપરાંત રૂ. ૩૦,૦૦૦ની લાંચ માંગી હતી. એસીબીએ આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરીને મોમાઈ ચા સેન્ટર, નાણાવટી ચોક ખાતે લાંચનું છટકું ગોઠવ્યું હતું. છટકા દરમિયાન આરોપી કૌશિક પીપરોતર ફરિયાદી પાસેથી રૂ. ૩૦,૦૦૦ની



લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

એસીબીએ આરોપીને ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડતમાં એક નવો વળાંક લીધો છે અને લોકોમાં એસીબી પ્રત્યે વિશ્વાસ વધાર્યો છે. આ ઘટના એ દર્શાવે છે કે ભ્રષ્ટાચાર હજુ પણ સમાજમાં વ્યાપેલો છે અને લોકોને તેનાથી બચાવવા માટે સરકાર અને અન્ય એજન્સીઓએ સતત પ્રયાસો કરવા જોઈએ. આવી ઘટનાઓ સામે આવવા પર લોકોએ એસીબી જેવી એજન્સીઓનો સંપર્ક કરવો જોઈએ જેથી ભ્રષ્ટાચારીઓને કાયદાના શિકંજામાં લઈ શકાય. આ કેસમાં એસીબીના પો.ઈન્સ. આર.એન. વિરાણી અને મદદનીશ નિયામક કે.એચ. ગોહિલે સુપરવિઝન હેઠળ સફળ ઓપરેશન હાથ ધરીને ભ્રષ્ટાચારીને ઝડપી પાડ્યો છે.

# વડોદરામાં ટોળાએ ચોર સમજી બે યુવકોને ફટકાર્યા : એકનું મોત થતા હોબાળો

**મુખ્ય સમાચાર,વડોદરા**

વડોદરા શહેર જિલ્લામાં એકતરફ ચોર લૂંટ આચરતી ટોળકી સક્રિય બનતાં લોકો દેહશતમાં જીવી રહ્યા છે. બીજી બાજુ પોલીસ કમિશનર અને તેમની ટીમ વિવિધ વિસ્તારોમાં ફરીને અફવાથી દૂર રહેવું તેવી વિનંતી કરતા રહ્યા છે. ત્યારે શુક્રવારે મોડી રાત્રે વારસિયા ઝુલેલાલ મંદિર પાસે ત્રણ લઘુમતી કોમના યુવક ચા પીવા ગયા હતા. ત્યારે લોકોના ટોળાએ બે યુવકને પકડીને જાહેરમાં માર મારી વિડીયો વાયરલ કર્યો હતો. બંને યુવાનો ગંભીર રીતે ઘાયલ થતાં સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા એક યુવાનનું મોત નીપજ્યું છે. જ્યારે અન્ય એક યુવક સારવાર ચાલી રહી છે તો અન્ય એક યુવાન ટોળામાંથી બચીને ચાલ્યો ગયો હતો. વડોદરા શહેર જિલ્લામાં રાત્રિના સમયે વિવિધ વિસ્તારોમાં રોજબરોજ ચોરીના બનાવો બનતા રહે છે. હવે તો લોકોએ પોતાના ઘરની આજુબાજુમાં પણ સીસીટીવી લગાવી દીધા છે. જેથી અનેક કિસ્સાઓમાં ચોર ટોળકીના સભ્યો કેદ થયા છે. તો બીજીબાજુ વડોદરા શહેર જિલ્લામાં આવા વીડિયો અન્ય જિલ્લાના હોવાનું જણાવી લોકોને અફવાથી દૂર રહેવા અને આવા કોઈ ચોર જણાઈ આવે તો તેઓને મારવા નહીં અને પોલીસને બોલાવીને સોંપી દેવા તેવી સલાહ આપવામાં આવી રહી છે.

શુક્રવારે પોલીસ કમિશનર નરસિમ્હા કોમર તેમની ટીમ લઈને ગોરવા અને ચાર દરવાજા (શેર વિસ્તાર)માં લોકોને જાગૃત કરી ચોર ટોળકીની અફવાથી દૂર રહેવા અપીલ કરતાં હતા. શુક્રવારે મોડી રાત્રે વારસિયા વિસ્તારમાં આવેલા જુલેલાલ મંદિર પાસેથી પસાર થતાં ત્રણ યુવકો ચા પીવા નીકળ્યા હતા. દરમિયાનમાં તેમની બાઈક અચાનક બંધ પડી જતા તે યુવકો બાઈક ચાલુ કરવાનો પ્રયત્ન કરતા હતા. તે દરમિયાન કેટલાક લોકોને ચોર હોવાની શંકા જતા તેઓએ બહાર આવી ગયા હતા અને ચોર-ચોરની બૂમો પાડી હતી. જેથી ૩૦૦ જેટલા લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. જેમાં ત્રણ યુવકમાંથી બે યુવકને પકડી પાડ્યા હતા અને જાહેરમાં માર માર્યો હતો. દરમિયાનમાં પોલીસને જાણ થતા પોલીસે સ્થળ પર આવી બંને ઈજાગ્રસ્ત યુવકોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં એક યુવકનું મોત નિપજ્યું છે, જ્યારે અન્ય એક યુવકને ગંભીર રીતે ઈજા થઈ છે. તે સારવાર હેઠળ છે આ બે યુવક ઉપરાંત એક યુવક હતો તે ટોળાથી બચીને ભાગી ગયો હતો. પોલીસે તપાસ કરતા ફતેપુરા વિસ્તારમાં ગેરેજમાં કામ કરતા શહેબાઝ પઠાણ, ઈકરમ અલી અને સાહિલ નામના ત્રણ યુવક શુક્રવારે મોડી રાત્રે પોતાની બાઈક લઈને વારસિયા વિસ્તારમાં ચા પીવા નીકળ્યા હતા. તે દરમિયાન ઝુલેલાલ મંદિર પાસે તેમની બાઈક બંધ પડી ગઈ હતી ત્યારે લોકોએ ચોર ચોર સમજીને તેઓને માર માર્યા







હતા. અને તેમાંથી સાહિલ નામનો યુવક ટોળામાંથી બચીને નીકળી ગયો હતો તેનો હજી કોઈ પત્તો નથી. જ્યારે લોકોના ટોળાએ ચોર સમજીને પકડી પાડીને સખત માર મારતા બંને યુવકો શહેબાઝ પઠાણ, ઈકરમ અલીને પોલીસે ઘવાયેલી હાલતમાં સયાજી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જેમાં મોડી રાત્રે શહેબાઝ પઠાણનું મોત થયું હતું. જ્યારે ઈકમ અલી સારવાર હેઠળ છે. આજે વહેલી સવારે તેમના પરિવારજનો અને મિત્રોને જાણ થતા સયાજી હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા અને લોકોએ ચોર સમજીને હુમલો કર્યો તે અંગે ન્યાય અપાવવાની માગણી કરવાની સાથે મૃત્યુ પામેલા યુવકનો મૃતદેહ ન્યાય નહીં મળે ત્યાં સુધી હોસ્પિટલમાંથી લઈ જવામાં નહીં આવે તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી.

# નવયુગપરામાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન પર બે શખ્સોનો છરી વડે હુમલો

## તિરુપતિ સોસાયટીમાં ભાડૂઆત વચ્ચે નહાવા મુદ્દે ઝઘડો થતા યુવાનને છરી હુલાવી દીધી

શહેરમાં સોરઠીયા પ્લોટમાં રહેતો યુવાન નવયુગપરામાં પોતાના મિત્રના ઝઘડામાં વચ્ચે પડયો હતો ત્યારે બે શખ્સોએ છરી વડે હુમલો કરી માર માર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ અંગે વિગત મુજબ સોરઠીયા પ્લોટમાં રહેતા મયુર માવજીભાઈ પારીયા નામનો ૨૩ વર્ષનો યુવાન રાત્રીના બારેક વાગ્યાના અરસામાં નવયુગપરામાં હતો ત્યારે ભાવિન વાઘેલા અને કુણાલ નામના શખ્સે છરી વડે હુમલો કરી સાયકલ ઘા કર્યો હતો. હુમલામાં ઘવાયેલા મયુર માટે પારીયાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મયુરના મિત્ર વિનોદ ચાંડપાને હુમલાખોર કુણાલ સાથે ઝઘડો થતા મયુર પારિયા મિત્રના ઝઘડામાં વચ્ચે પડયો હતો ત્યારે બંને શખ્સોએ હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં કોઠારીયા રોડ ઉપર આવેલી તિરૂપતિ સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા સુદામણી દફાદરમણી માજી નામના ૩૬ વર્ષના યુવક સાથે અન્ય ભાડુઆતે નાહવા મુદ્દે ઝઘડો કર્યો હતો અને ઝઘડામાં ઉશ્કેરાયેલા બે શખ્સોએ છરી વડે હુમલો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સંતકબીર રોડ પર રહેતા પરપ્રાંતિય યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

શહેરના સામાકાંઠે સંતકબીર રોડ પર રહેતા પરપ્રાંતિય શ્રમિક યુવાને જીંદગીથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ મુળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ રાજકોટમાં સંતકબીર રોડ પર ત્રિવેણી ગેઈટ પાસે કારખાનામાં રહેતા સચીનસિંહ વિશ્વનાથસિંહ વિલાસપુરીયા (ઉ.વ.૨૫) નામના યુવાને પોતાની ઓરડીમાં પતરાની આડ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત નિપજ્યું હતું. આ અંગે બી ડિવિજન પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન બે ભાઈમાં મોટો હતો જીંદગીથી કંટાળી આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

# મારવાડી યુનિ.માં લાઈટ ફિટિંગ વખતે યુવકના મોત પ્રકરણમાં કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ

## સંચાલકે ખાતરી કર્યા વગર થાંભલાની કેક પિન કાઢી લેતા ૧૫ ફૂટની ઊંચાઈએથી પટકાતા ઘટના ઘટી તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટીમાં આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડમાં નવરાત્રી માટે સ્ટેજ તૈયાર કરી રહેલા રેલનગરના રોનક હિતેશભાઈ માકડીયા નામના ૨૭ વર્ષના યુવાનનું તા.૨ના રોજ થાભલા પરથી પટકાતા મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના પિતા હીતેશભાઈ વિનયચંદ્ર માકડીયા (ઉ.વ.૫૩)ની ફરીયાદ પરથી ડેકોરેશનના કોન્ટ્રાક્ટર ધવલ રમેશભાઈ વસોયા (રહે.સત્યમ પાર્ક ૨ સોરઠીયા વાડી સર્કલ ૮૦ ફૂટ રીંગ રોડ પરિશ્રમ મકાન) સામે બેદરકારી અંગેનો ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદી હીતેશભાઈએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પુત્ર રોનક છેલ્લા એકાદ વર્ષથી ડેકોરેશનના કોન્ટ્રાક્ટર ધવલભાઈ વસોયા સાથે કામ કરતો હતો. ગઈ તા.૩૦ સપ્ટેમ્બરના રોજ પુત્ર રોનક મારવાડી યુનિવર્સિટીમાં કાર્યક્રમ હોવાથી



ત્યાં ટ્રસ્ટ ફિટીંગ કરવા ગયો હતો અને ત્યાર બાદ કાર્યક્રમ પુરો થઈ જતા તા.૧ ઓક્ટોબરના રોજ સાંજે ડાંડીયા રાસની પ્રેકટિશ કરવા જાઉ છું અને મારવાડી યુનિવર્સિટીમાં થાંભલા છોડવા જવાનો કહીં ઘરેથી ગયો હતો. ત્યાર બાદ મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ ધવલભાઈ વસોયાનો ફોન આવ્યો હતો અને તેમણે જણાવ્યું હતુ કે, રાત્રીના સમયે પોતે તેઓ ટ્રસ્ટ (થાંભલી) છોડતો હતો ત્યારે અચાનક નીચે પડતા તેમને ઈજાગ્રસ્ત હાલતમાં સરકારી હોસ્પિટલમાં ખસેડયો હતો. ત્યાર બાદ રોનકનું સારવાર થયાનું મૃત્યુ થયાનું જાણવા મળ્યું હતું.આ ઘટના મામલે સીસીટીવી તપાસતા હકિકત જાણવા મળી હતી કે, મારવાડી યુનિવર્સિટીમાં કાર્યક્રમ પુરો થતા રોનક ત્રીજો થાંભલે છોડવવા માટે નાડુ ડોકે માટે થાંભલા ઉપર ચડયો હતો અને તે સમયે ધવલભાઈ નીચે બેલ્ટ બાંધવાનું કામ કરી રહ્યા હતા. ત્યાર બાદ રોનક થાંભલા પરથી નીચે ઉતરે છે કે કેમ? તેની ખાતરી કર્યા વગર થાંભલામાં આવેલી કેક પીન કાઢી લઈ બેદરકારી દાખવતા પુત્ર રોનક ૧૫ ફૂટ ઉચે થાંભલા પરથી નીચે પટકો હતો અને તેને માથા પર અને મોઢ પર ગંભીર ઈજા થઈ હતી. આ ઘટના અંગે હકીક્ત જાણવા મળતા કુવાડવા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ મહાજને ફરિયાદ લઈ તપાસ શરૂ કરી છે.

# દુધસાગર રોડ પર એકટીવાની ડેકીમાંથી રૂા.૧૫ હજારની રોકડની ચોરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



અંબિકા ટાઉનશીપ પાસે સીતાજી ટાઉનશિપમાં રહેતો યુવાન દૂધસાગર રોડ પર પાનની દુકાને એક્ટિવા પાર્ક કરી મિત્ર સાથે ચા પીવા ગયો હતો. દરમિયાન ૧૫ મિનિટમાં અજાણ્યાં શખ્સે એકટીવાની ડેકી તોડી તેમાંથી રોકડ રૂ.૧૫ હજારની ચોરી કરી લીધી હતી. બનાવ અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે અંબિકા ટાઉનશીપ નજીક સીતાજી ટાઉનશીપ વીંગ બી ક્વાર્ટર નંબર ૩૦૧ માં રહેતા રાકેશ ગણેશભાઈ યાદવ (ઉ.વ ૩૦) નામના યુવાને થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને જૂની કાર ખરીદવાની હોય જેથી તા.૧૫ ના તે તથા તેનો મિત્ર હરેશ રૈયાણી બંને કુવાડવા રોડ કાર જોવા ગયા હતા. બાદમાં રાત્રિના પરત ફરતા હતા ત્યારે ચુનારવાડ ચોક પાસે ટ્રાફિક વધુ હોય જેથી તેઓ નવ વાગ્યા આસપાસ પોતાનું એકટીવા અહીં દૂધસાગર રોડ પર જય અંબે પાન એન્ડ કોલ્ડ્રીંક્સ નામની દુકાન પાસે રાખી તે નજીકની ચાની હોટલે ચા પીવા માટે ગયા હતા. ૧૫ મિનિટ બાદ બંને પરત આવતા માલુમ પડ્યું હતું કે કોઈ અજાણ્યાં શખ્સે એકટીવાની ડેકી તોડી તેમાંથી રોકડ રૂ.૧૫ હજારની ચોરી કરી નાસી ગયો હતો. યુવાનને પ્રથમ પોતાની રીતે અહીં આસપાસ તપાસ કરી હતી બાદમાં આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી બનાવ સ્થળ આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસી ગઠીયાને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# ગોંડલના ભુણાવામાંબંધ કારખાનામાંથી રૂ.૧૨.૫૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## ગોંડલના બે શખસોના નામ ખુલ્યા : કુલ રૂ.૧૭,૫૨,૮૭૨નો મુદ્દામાલ કબજે

ગોંડલ તાલુકા નાં નેશનલ હાઈવે પર આવેલા ભુણાવા ગામનાં ઈન્ડસ્ટ્રીઅલ વિસ્તારમાં આવેલા બંધ કારખાના પર દરોડો પાડી રૂરલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી બે શખ્સોની શોધખોળ કરી હતી. આ અંગેની માહિતી મુજબ રૂરલ ક્રાઈમ બ્રાન્ચ નાં પીઆઈ. ઓડેદરા નાં માર્ગદર્શન હેઠળ પો.હેડ.કોન્સ અનિલભાઈ ગુજરાતી.ભગીરથસિંહ જાડેજા,વાઘાભાઈ આલ, મહીપાલસિહ ચુડાસમા વહેલી સવારે પેટ્રોલીંગ માં હતા.ત્યારે બાતમી નાં આધારે ભુણાવા નાં ઉમીયા ઈન્ડસ્ટ્રીઅલ ઝોન માં આવેલા પ્લાસ્ટિક નાં બંધ કારખાના માં દરોડો પાડી વિદેશી દારુ ની અલગ અલગ બાન્ડ ની ૨૪૧૨ બોટલ કિંમત રૂ. ૧૨,૫૨,૮૭૨ તથા રૂ. પાંચ લાખ ની કિંમત નું બલેરો પીકઅપ વાહન મળી કુલ રૂ. ૧૭,૫૨,૮૭૨ નો મુદ્દામાલ કબ્જે કરી કારખાના માં વિદેશી દારૂનો જથ્થો રાખનાર ભુણાવા નાં ભુપેન્દ્રસિંહ ઉર્ફ ભુપી ગજેન્દ્રસિંહ જાડેજા તથા ગોંડલ નાં મહાકાળીનગર માં રહેતા કૌશિક ઉર્ફ કવો યોગેશભાઈ અગ્રાવત ની શોધખોળ શરુ કરી છે.

# માનસરોવર પાર્કમો પત્ની રીસામણે ચાલી જતા પતિનો આપઘાત

શહેરમાં આજીડેમ – ચોકડી પાસે આવેલ માનસરોવર પાર્કમાં રહેતી પરિણીતા બે સંતાનો સાથે રિસામણે ચાલી જતા યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. માતા કામ પરથી ઘરે આવતા પુત્રનો મૃતદેહ લટકતો જોવા મળતા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ આજીડેમ ચોકડી પાસે આવેલ માનસરોવર પાર્કમાં રહેતા જેશાભાઈ ૧ વાલજીભાઈ ખીહડીયા નામનો ૩૩ ૧ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે – પંખામાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ – આપઘાત કરી લીધો હતો. આ ઘટના – અંગે જાણ થતા આજીડેમ પોલીસ = મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો.પ્રાથમિક પૂછપરછમાં મૃતક જેશાભાઈ ખીહડીયાને સંતાનમાં બે પુત્ર છે અને જેશાભાઈ ખીહડીયા એ.જે. સ્ટીલમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દંપતી વચ્ચે અણબનાવ બનતા પત્ની બંને પુત્રો સાથે ચાલી ગયા બાદ પરત નહીં આવતા જેશાભાઈ ખીહડીયાને માઠું લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અને કામ પરથી પરત ફરેલી માતા પુત્રનો લટકતો મૃતદેહ જોઈ જતા પાડોશી અને પોલીસને જાણ કરી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસ મથકના સ્ટાફે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગેઈટ પાસે ઓનલાઈન ક્રિકેટનો સટ્ટો રમતો પંટર ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



શહેરના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગેઈટ પાસે કાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી રાજકોટમાં ગોંડલના બુકીનું ક્રિકેટ સટ્ટાનુ નેટવર્ક ચલાવતા તેના સાગરીતને ઝડપી લઈ મોબાઈલ કબ્જે કર્યો છે. જેમાં બુકી દ્વારા અપાયેલા માસ્ટર આઈડીની મદદથી પંટરોને આઈડી આપ્યાનું ખુલ્યું છે.

જે મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાંચના એએસઆઈ બલભદ્રસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે પીઆઈ એમ.આર. ગોંડલિયાની સૂચનાથી કાઈમ બ્રાંચની ટીમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગેઈટ પાસે બીટી સવાણી હોસ્પિટલ તરફ જતા રોડ ઉપર મુળ ગોંડલના ભગવતપરા શેરી નં. ૨૩/૬ના વતની અને હાલ સાધુવાસવાણી રોડ ઉપર પ્રશિલ પાર્કમાં રહેતા અહેમદ હનીફ નામલબંધની ધરપકડ કરી હતી. તેની પાસેથી મોબાઈલમાં દાદા ૦૯.કોમ નામનું માસ્ટર આઈડી મળી આવ્યું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે, ગાંડેલના પ્રધુમન ઉર્ફે પદુભા ડોડિયાનો અહેમદ સાગરિત હોય પ્રધુમનસિંહ પોતે બુકી હોય અને તેને અહેમદને માસ્ટર આઈડી આપ્યા બાદ રાજકોટમાં અહેમદે નાના પંટરોને ૧૦ હજારથી લઈ એક લાખ સુધીની આઈડી આપી ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક શરૂકર્યુ હતું. પોલીસે અહેમદની ધરપકડ કરી પ્રધુમન ડોડિયાની શોધખોળ શરૂ કરી છે. તેમજ અહેમદ પાસેથી આઈડી લેનાર પન્ટરોનીપણ યાદી તૈયાર કરી વધુ તપાસ શરૂ કરી છે.

# રૈયાધાર સ્લમ કવાર્ટરની પરિણીતાને પતિનો ત્રાસઃ ત્રણ વર્ષમાં ચાર વાર ફરિયાદ કરી

## બે દિવસ પહેલાં મિત્રો સાથે દારૂ પીવા જવાની ના પાડી તો માર મારી ઘરમાંથી કાઢી મૂક્યાંનો આરોપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં રૈયાધારે સ્લમ કવાર્ટરમાં માવતર ધરાવતી પરિણીતાએ તેમના પતિ વિરુદ્ધ ત્રાસ અને મારકુટ કર્યાની ફરિયાદ નોંધાવી છે. તેમણે ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, તેઓ પતિને મિત્રો સાથે દારૂ પીવા જવાની ના પડતા બે દિવસ પહેલા મારકુટ કરી હતી અને ઘરમાંથી કાઢી મુક્તા તેણીના માતા તેમને ઘરે લઈ ગયા હતા અને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.મળતી વિગતો મુજબ, હાલ રૈયાધારે સ્લમ ક્વાર્ટરમાં રહેતા અને શાપર-વેરાવળમાં શાંતિધામ ગેઈટમાં સાસરુ ધરાવતી જાનવીબેન અતુલભાઈ સોંદરવા નામની પરિણીતાએ તેમના પતિ અતુલ ભુપતભાઈ સોંદરવા સામે ફરિયાદ નોંધાવી છે. જાનવીબેને ફરિયાદમાં આક્ષેપ કરતા જણાવ્યું છે કે, તેમના પિતા હૈયાત નર્થી તેમજ છ વર્ષ પહેલા અતુલસાથે જ્ઞાતિના રીતરિવાજ મુજબ લગ્ન થયા હતા. લગ્ન થકી તેમને સંતાનમાં એક દીકરી અને એક પુત્ર છે. પતિ છુટક કડિયા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જાનવીબેને વધુ વિગત આપતા જણાવ્યુ હતુ કે, ગઈ તા.૧૬ના રોજ સાંજના સમયે પતિના મિત્રો ઘરે આવ્યા હતા અને તેમને દારૂ પીવા લઈ જતા હતા તે સમયે તેમને મિત્રો સાથે જવાની ના પડતા પતિ ઉશ્કેરાઈ ગયા હતા અને માર માર્યો હતો.

તે સમયે મિત્રોએ વચ્ચે પડી વધુ મારપીટથી છોડાવી હતી. ત્યારે પતિએ ઘરમાંથી નીકળી જવા અને



સંતાનોને પણ સાથે લઈ જવા કહ્યું હતુ. ત્યાર બાદ સમગ્ર હકિક્ત રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતા માતાને કરતા માતા શાપર-વેરાવળ પહોંચ્યા હતા અને જાનવીબેનને તેમના સંતાનો સાથે લઈને રાજકોટ આવી ગયા હતા. જાનવીબેને આક્ષેપો કરતા જણાવ્યું હતુ કે, તેમણે તેમના પતિ વિરુદ્ધ છેલ્લા ત્રણ વર્ષમાં ચાર વાર ફરિયાદ કરી છે. આ ફરિયાદ સમયે પોલીસ જ્યારે પતિને બોલાવે ત્યારે પોતે સુધરી જવાનું કહીં સમાધાન કરી લેતો હતો. આમ છતા ન સુધરતા અંતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# માલિયાસણ ગામે પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## બે-બે બાળકો જન્મતાંની સાથે જ મોતને ભેટતા આઘાતમાં માતાએ જીવન ટુકાવ્યું



રાજકોટની ભાગોળે આવેલા માલિયાસણમાં રહેતી ૨૫ વર્ષિય પરણિતાના ચાર વર્ષ પૂર્વે લગ્ન થયા હતા. જેને બે વર્ષ સુધી તો સંતાનસુખ મળ્યું ન હતું. પરંતુ પ્રથમ પ્રસુતીમાં પુત્રનો જન્મ થયો હતો. જે ૧મમ માસમાં જ ગુજરી ગયો હતો. ત્યારબાદ બીજીવાર સગર્ભા બની હતી. ત્યારે બાળકનું જન્મતા વેંત જ મોત નિપજતાં માતા માથે વજઘાત પડ્યો હતો. બબ્બે સંતાનોના મોતથી શોકમાં ગરક માતાએ ગળાફાસો ખાઈ જિંદગીનો અંત આણી લીધો હતો. રાજકોટ અમદાવાદ હાઈ-વે પર આવેલા માલિયાસણ ગામે રહેતી કાજલબેન મોનાભાઈ ટોયટા (ઉ.વ.૨૫)એ ગઈકાલે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ થતાં કુવાડવા પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને કુવાડવા સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, મૃતકનું માવતર મોરબી રોડ પર આવેલ વેલનાથપરામાં આવેલું છે. તેણીના ૪ વર્ષ પહેલાં માલિયાસણ રહેતાં મોનાભાઈ સાથે લગ્ન થયાં હતા. લગ્ન બાદ તેણી સાસુ-સસરા, દિયર અને દેરાણી સાથે સંયુક્ત પરિવારમાં રહેતી હતી. લગ્નના એક વર્ષ બાદ તેણીને સારા દિવસો રહ્યાં હતાં અને ગર્ભવતી થયાના આઠમા માસે તેણીએ બાળકને જન્મ આપ્યો હતો અને પરિવારમાં ખુશી ફરી વળી હતી. આઠમા માસે જન્મેલ બાળકને પેટીમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો હતો અને દોઢ માસની સારવારના અંતે તેનું મોત નીપજતાં જનેતા અને પરીવારમાં શોક વ્યાપી ગયો હતો.